# તમારા Health Insurance Marketplace® કવરેજ માટે અરજી કરવા અથવા ફરીથી નોંધણી કરવા માટે તૈયાર થાઓ

Health Insurance Marketplace

તમારા Marketplace કવરેજ માટે અરજી કરવા અથવા ફરીથી નોંધણી કરવા માટે, મુલાકાત લો HealthCare.gov અથવા Marketplace કોલ સેન્ટરને 1-800-318-2596 પર કૉલ કરો. TTY વપરાશકર્તાઓ 1-855-889-4325 પર કૉલ કરી શકે છે.

તમે તમારી અરજી ભરવાનું શરૂ કરો તે પહેલાં આ માહિતી તૈયાર રાખો. આ તમને તમારી અરજી ઝડપથી પૂર્ણ કરવામાં મદદ કરશે.

| મારે શેની જરૂર પડશે? | મને આની શા માટે જરૂર છે? | શું આ તૈયાર છે? |
|---|---|---|
| **તમારી માહિતી** | તમારી Marketplace અરજીમાં તમને તમારા નામ અને જન્મ તારીખ સહિત કેટલીક મૂળભૂત માહિતી માટે પૂછશે. | ☐ |
| **તમારા પરિવાર વિશેની માહિતી** | તમારી Marketplace એપ્લિકેશન તમને તમારા ઘરની દરેક વ્યક્તિ વિશે પૂછશે, તે એવા વ્યક્તિઓ વિશે પણ કે પૂછશે જેઓ કવરેજ માટે અરજી કરી રહ્યાં નથી.<br>Marketplace માટે, તમારા પરિવારમાં સામાન્ય રીતે ટેક્સ ફાઇલર્સ અને તેમના ટેક્સ આશ્રિતોનો સમાવેશ થાય છે, પરંતુ તેમાં અપવાદો છે. કેટલીકવાર તેમાં એવા લોકોનો સમાવેશ થાય છે કે જેની સાથે તમે રહો છો જેઓ તમારા ટેક્સ પરિવારમાં નથી.<br>તમારી અરજીમાં તમારી જાતને સામેલ કરો. જેમ જેમ તમે તમારી અરજી ભરો છો, તેમ તમને નીચેના લોકો વિશે પ્રશ્નો પૂછવામાં આવશે:<br>■ તમારા જીવનસાથી<br>■ તમારા બાળકો જે તમારી સાથે રહે છે, ભલે તેઓ પોતે ટેક્સ રિટર્ન ફાઇલ કરવા માટે પૂરતા પૈસા કમાતા હોય<br>■ તમે તમારા ટેક્સ રિટર્નમાં આશ્રિત તરીકે શામેલ કરો છો તે કોઈપણ, ભલે તેઓ તમારી સાથે રહેતા ન હોય<br>■ 21 વર્ષથી ઓછી ઉંમરના અન્ય કોઈપણ જેની તમે સંભાળ લો છો અને જેઓ તમારી સાથે રહે છે<br>■ તમારા અપરિણીત જીવનસાથી, જો આમાંથી એક અથવા બંને લાગુ પડે તો જ:<br>• તેઓ ટેક્સ હેતુઓ માટે તમારા પર નિર્ભર છે<br>• તેઓ તમારા બાળકના માતાપિતા છે<br>વધુ માહિતી માટે, મુલાકાત લો HealthCare.gov/income-and-household-information/household-size, અથવા Marketplace કોલ સેન્ટર પર કૉલ કરો. | ☐ |
| **કવરેજ માટે અરજી કરનાર દરેક માટે ઘર અને/અથવા મેઇલિંગ સરનામાં** | તમે જ્યાં રહો છો તે તમે કયા આરોગ્ય કવરેજ માટે પાત્ર છો તેને અસર કરી શકે છે.<br>તમે અરજીની શરૂઆતમાં તમારું રાજ્ય પસંદ કરશો. તમે જ્યાં કવરેજ શોધી રહ્યાં છો તે રાજ્યના રહેવાસી છો કે નહીં તે બતાવવા માટે તમારે તમારું ઘરનું સરનામું દાખલ કરવું પડશે.<br>તમને તમારું મેઇલિંગ સરનામું પૂછવામાં આવશે. આ સામાન્ય રીતે તમારા ઘરના સરનામા સમાન હોય છે. જો તે ન હોય, તો તમે જે રાજ્યમાં રહો છો ત્યાંનું મેઇલિંગ સરનામું પ્રદાન કરો.<br>જો તમારી અરજીમાં કોઈનું ઘર અથવા ટપાલ સરનામું અલગ હોય, તો તમારી પાસે તે પણ હોવું જરૂરી છે. | ☐ |
| **કવરેજ માટે અરજી કરનાર દરેક વ્યક્તિ વિશે માહિતી** | તમારી Marketplace અરજીમાં તમને કવરેજ માટે અરજી કરનાર દરેક વ્યક્તિ વિશે કેટલીક મૂળભૂત માહિતી પૂછવામાં આવશે, જેમાં તમારી સાથેના તેમના સંબંધોનો સમાવેશ થાય છે. | ☐ |

| મારે શેની જરૂર પડશે? | મને આની શા માટે જરૂર છે? | શું આ તૈયાર છે? |
|---|---|---|
| તમારી અરજી પર દરેક માટે સામાજિક સુરક્ષા નંબરો (SSNs). | તમારી Marketplace અરજીમાં તમને દરેક વ્યક્તિના 9-અંકના SSN માટે પૂછવામાં આવશે, ભલે જેઓ કવરેજ માટે અરજી કરતા નથી. તમે તમારી અરજીની શરૂઆતમાં મંજૂરી આપો એ પછી, Marketplace સામાજિક સુરક્ષા સાથે SSN ની પુષ્ટિ કરશે. જો તમે SSN દાખલ કરતા નથી, તો તમારે પછીના સમયે વધુ માહિતી પ્રદાન કરવાની જરૂર પડી શકે છે. | ☐ |
| તમને અરજી કરવામાં મદદ કરનાર વ્યાવસાયિક વિશેની માહિતી, જો કોઈ હોય તો | કોઈ વ્યાવસાયિક તમારી અરજી પૂર્ણ કરવામાં તમારી મદદ કરી રહ્યું હોય, તો તમને તેમની માહિતી દાખલ કરવી પડશે. આ વ્યાવસાયિકોમાં સમાવેશ થાય છે: નેવિગેટર્સ, પ્રમાણિત એપ્લિકેશન કાઉન્સેલર્સ, વ્યક્તિગત સહાયતા કર્મચારીઓ, એજન્ટો અને બ્રોકર્સ. | ☐ |
| ઇમિગ્રેશન દસ્તાવેજની માહિતી (આ ફક્ત કાયદેસર રીતે હાજર ઇમિગ્રન્ટ્સને લાગુ પડે છે) | જો તમારી અરજીમાં કવરેજની જરૂર હોય તેવા કોઈપણ વ્યક્તિ કાયદેસર રીતે હાજર ઈમિગ્રન્ટ છે, તો તમને તેમના ઈમિગ્રેશન દસ્તાવેજોમાંથી માહિતી પ્રદાન કરવા માટે કહેવામાં આવશે. | ☐ |
| તમે તમારા ટેક્સ કેવી રીતે ફાઇલ કરશો તેની માહિતી | જો તમે સંઘીય આવકવેરો ફાઇલ કરો છો અને પરિણીત છો, તો Marketplace ને જાણવાની જરૂર છે કે તમે અલગથી ફાઇલ કરો છો કે સંયુક્ત રીતે. તમે કર આધારિત તરીકે કોનો દાવો કરો છો તે વિશે પણ તમને પૂછવામાં આવશે. | ☐ |
| તમારા પરિવારના દરેક માટે નોકરીદાતા અને આવકની માહિતી | તમારી Marketplace અરજી તમને તમારા ઘરના દરેક વ્યક્તિની આવક અને ખર્ચ વિશે પૂછી શકે છે, ભલે તેઓએ કવરેજ માટે અરજી ન પણ કરી હોય.<br>Marketplace આને આવક તરીકે ગણે છે:<br>■ વતન અને પગાર, તમારા W-2 ફોર્મ અને પે સ્ટબમાં જણાવ્યા મુજબ<br>■ ટિપ્સ<br>■ કોઈપણ સ્વ-રોજગાર અથવા વ્યવસાયમાંથી ચોખ્ખી આવક<br>■ બેરોજગારી માટે વળતર<br>■ સામાજિક સુરક્ષા ચુકવણીઓ, જેમાં અપંગતાની ચુકવણીઓ શામેલ છે (પરંતુ પૂરક સુરક્ષા આવક (SSI) નથી)<br>■ 1 જાન્યુઆરી, 2019 પહેલા છૂટાછેડા અને અલગ થવા માટે ભરણપોષણ વિશે અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે<br>■ મોટાભાગના IRA અથવા 401k ઉપાડ સહિત નિવૃત્તિ અથવા પેન્શનની આવક<br>■ રોકાણની આવક, જેમ કે ડિવિડન્ડ અથવા વ્યાજ<br>■ ભાડાની આવક<br>■ અન્ય કરપાત્ર આવક<br>આવક વિશે અથવા કયા આવકના સ્ત્રોતોનો સમાવેશ કરવો તેના વિશે વધુ માહિતી માટે, મુલાકાત લો HealthCare.gov/income-and-household-information/income. | ☐ |
| તમારી ઘરની આવકનો તમારો શ્રેષ્ઠ અંદાજ | તમારી Marketplace અરજી તમને કવરેજ માટે અરજી કરી રહ્યાં હોય તે વર્ષમાં તમારા પરિવારની આવક કેટલી હશે તેનો અંદાજ કાઢવા માટે કહી શકે છે.<br>જો તમને ખાતરી ન હોય, તો તમારો શ્રેષ્ઠ અંદાજ કરવો યોગ્ય છે. જો તમારી આવકમાં ફેરફાર થાય છે, અથવા તે તમારા અંદાજ કરતાં અલગ છે, તો તમારે આ માહિતી પછીથી અપડેટ કરવાની જરૂર પડશે. વધુ માહિતી માટે, મુલાકાત લો HealthCare.gov/reporting-changes/why-report-changes.<br>તમારી ઘરની આવકની ગણતરી કરવામાં તમારી મદદ કરવા માટે, મુલાકાત લો HealthCare.gov/income-calculator. | ☐ |

| મારે શેની જરૂર પડશે? | મને આની શા માટે જરૂર છે? | શું આ તૈયાર છે? |
|---|---|---|
| વર્તમાન આરોગ્ય કવરેજ માહિતી | તમારી માર્કેટપ્લેસ એપ્લિકેશન તમને એ પૂછશે કે શું તમારા ઘરની કોઈપણ વ્યક્તિ હાલમાં મેડિકેડ, ચિલ્ડ્રન્સ હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રોગ્રામ (CHIP), Medicare, TRICARE, VA હેલ્થ કેર પ્રોગ્રામ, પીસ કોર્પ્સ, COBRA, નિવૃત્ત વીમા, અથવા વ્યક્તિગત વીમા (Marketplace કવરેજ સહિત) અથવા નોકરીદાતા દ્વારા આપવામાં આવતા કવરેજ સહિત અન્ય કોઈ સ્વાસ્થ્ય કવરેજમાં નોંધાયેલ છે કે કેમ.<br>જો હાલમાં કોઈની પાસે કવરેજ હોય, તો તમારે તેમના પોલિસી નંબર દાખલ કરવાની જરૂર પડી શકે છે. તમે આ માહિતી તેમના વીમા કાર્ડ અથવા તેમના પ્લાનમાંથી મેળવેલા દસ્તાવેજો પર મેળવી શકો છો. | ☐ |
| તમારા પરિવારની દરેક વ્યક્તિની નોકરીદાતાની માહિતી | તમારી Marketplace એપ્લિકેશન તમને એવી કોઈપણ નોકરી-આધારિત યોજના વિશેની માહિતી અંગે પણ પૂછશે જેના માટે તમે અથવા તમારા ઘરની કોઈપણ વ્યક્તિ પાત્ર હોય છે. તે તમને તમારા ઘરની દરેક વ્યક્તિ જેઓ નોકરી કરે છે તેમના નોકરીદાતાની સંપર્ક માહિતી અંગે પણ પૂછશે. આ માહિતી એકત્રિત કરવા માટે સહાયતા લેવા તમે healthcare.gov/downloads/employer-coverage-tool.pdf પર એમ્પ્લોયર કવરેજ ટૂલનો ઉપયોગ કરી શકો છો. તમારે કુટુંબના દરેક સભ્ય માટે આ વર્કશીટ ભરવી પડશે જેઓ તેમની નોકરીને લીધે પરંપરાગત સ્વાસ્થ્ય કવરેજ માટે પાત્ર છે, ભલે તે વ્યક્તિ નોકરી-આધારિત યોજનામાં નોંધાયેલ ન હોય અથવા તેમણે Marketplace કવરેજ માટે અરજી ન પણ કરી હોય. | ☐ |
| હેલ્થ રિઈમ્બર્સમેન્ટ એરેન્જમેન્ટ (HRA) નોટિસ (આ માત્ર ત્યારે જ લાગુ પડે છે જો તમારા પરિવારના કોઈને તેમના નોકરીદતા દ્વારા HRA ઓફર કરવામાં આવે છે) | જો કોઈ વ્યક્તિ એવા વ્યવસાય માટે કામ કરે છે જે વ્યક્તિગત કવરેજ HRA અથવા લાયક નાના એમ્પ્લોયર HRA દ્વારા સ્વાસ્થ્ય યોજના અથવા આરોગ્ય સંભાળ ખર્ચ માટે ચૂકવણી કરવામાં સહાય પ્રદાન કરે છે, તો તમારી Marketplace અરજી પૂર્ણ કરવા માટે નોકરીદાતાની સૂચનાનો ઉપયોગ કરો. વધુ જાણવા માટે HealthCare.gov/job-based-help ની મુલાકાત લો. | ☐ |

તમારી પાસે Marketplace ની માહિતી સુલભ ફોર્મેટમાં મેળવવાનો અધિકાર છે, જેમ કે મોટી પ્રિન્ટ, બ્રેઇલ અથવા ઑડિયો. જો તમને લાગે કે તમારી સાથે ભેદભાવ કરવામાં આવ્યો છે તો તમને ફરિયાદ નોંધાવવાનો પણ અધિકાર છે.

CMS.gov/about-cms/agency-information/aboutwebsite/CMSNondiscriminationnotice ની મુલાકાત લો અથવા 1-800-318-2596 પર કોલ કરો. TTY વપરાશકર્તાઓ 1-855-889-4325 પર કૉલ કરી શકે છે.

**Health Insurance Marketplace**
CMS Product No. 11896-GU (Gujarati)
August 2023
This product was produced at U.S. taxpayer expense.

Health Insurance Marketplace® is a registered service mark of the U.S. Department of Health & Human Services.

HealthCare.gov